## વિષય : ગુજરાતી　　　　ધોરણ : 6　　　　સત્ર : 1

## જવાબવહી

# 3. દ્વિદલ

---

**પ્રશ્ન-1. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** **[ 8 ]**

**(1)** શિલ્પી શું વિચારી બીજી મૂર્તિ બનાવી રહ્યો હતો ?

**ઉત્તર** : શિલ્પીએ પ્રથમ મૂર્તિ બનાવી હતી, જેમાં મૂર્તિના નાક પાસે સહેજ ઘસરકો પડ્યો હતો. આ નુકસાન સાધારણ હતું પણ એ નુકસાન અંગે પોતે અને પોતાનો ભગવાન જાણે છે એ વિચારી શિલ્પી બીજી મૂર્તિ બનાવી રહ્યો હતો.

**(2)** યુવકે દુકાનદારને શાની ના પાડી ?

**ઉત્તર** : દુકાનદારે યુવકને કામ આપવાની તૈયારી બતાવી ત્યારે યુવકે તેને ત્યાં કામ કરવાની ના પાડી.

**(3)** માણસે બીજી મૂર્તિ જોઈને આશ્ચર્ય શા માટે અનુભવ્યું ?

**ઉત્તર** : શિલ્પી જે મૂર્તિ ઘડતો હતો તેના જેવી જ બીજી મૂર્તિ તેની બાજુમાં પડેલી હતી. આમ, એક જ મંદિર માટે ભગવાનની એકસરખી બે મૂર્તિઓ તૈયાર થતી જોઈને માણસે આશ્ચર્ય અનુભવ્યું.

**(4)** શિલ્પીએ પહેલી મૂર્તિ પડતી કેમ મૂકી ?

**ઉત્તર** : શિલ્પી પહેલી મૂર્તિ ઘડતો હતો ત્યારે છેલ્લી ઘડીએ મૂર્તિના નાક પાસે સહેજ ઘસરકો થયો હતો. જેનાથી મૂર્તિને નુકસાન થયું હતું. આથી ભગવાનને સાક્ષી રાખનાર એ માણસે ભગવાનને છેતરી ન શકાય તેવી ભાવનાથી પહેલી મૂર્તિ પડતી મૂકી.

**પ્રશ્ન-2. નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.** **[ 4 ]**

**(1)** જાણ X અજાણ

**(2)** ધ્યાન X બેધ્યાન

**(3)** નુકસાન X ફાયદો

**(4)** પરદેશ X સ્વદેશ

વિષય : ગુજરાતી　　　　ધોરણ : 6　　　　સત્ર : 1

# જવાબવહી

## 3. દ્વિદલ

**પ્રશ્ન-3. નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યપ્રયોગ કરો.** **[ 4 ]**

**(1)** **રસ પડવો** - આનંદમાં આવતાં જ સ્થિર થઈ જવું.

**વાક્ય** : રમેશને મગનકાકાની વાતમાં **રસ પડ્યો.**

**(2)** **આજીજી કરવી** - આગ્રહભરી વિનંતી કરવી.

**વાક્ય** : કનુ નોકરી માટે સાહેબને **આજીજી કરવા લાગ્યો.**

**પ્રશ્ન-4. નીચે આપેલા વાક્ય કોણ બોલે છે તે લખો.** **[ 4 ]**

**(1)** "પેલા વીસ ફૂટ ઊંચા સ્તંભ ઉપર" - શિલ્પી

**(2)** "તમે આ મૂર્તિની સ્થાપના કઈ જગ્યાએ કરવાના છો ?" - એક માણસ

**(3)** "મૅડમ, તમે મને તમારે ત્યાં લૉન કાપવાનું કામ આપી શકો ?" - યુવક

**(4)** "બોલ, મારે ત્યાં કામ કરીશ ?" - દુકાનદાર